ગુજરાત સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન માટે અહેવાલ હેઠળના અધિકારીએ રેફરલ બોર્ડને કરેલ અપીલ અરજીના નિકાલ અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ખહલ-૧૦૨૦૧૩-૫૬૨૨૯૪-ભા-૧-ક
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૧-૦૬-૨૦૧૯.

<u>વંચાણે લીધોઃ</u>

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૯.૧.૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃખહલ-૧૦૨૦૧૩-૫૬૨૨૯૪-ક

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૧.૩.૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃખહલ-૧૦૨૦૧૮-૮૦૭૯૨-ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૩૦.૮.૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: ખહલ-૧૦૨૦૧૩-૫૬૨૨૯૪-ભા-૧-ક

ઠરાવઃ-

સંદર્ભ (૧) માં વંચાણે લીધેલ ઠરાવથી વર્ગ-૧ અને ૨ સંવર્ગના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ સંદર્ભે થતી અપીલ અરજીની રેફરલ બોર્ડ તરીકેની કામગીરી ગુજરાત મુલકી સેવા ટ્રીબ્યુનલને સોંપવામાં આવેલ છે.

રાજય સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલમાં આપવામાં આવેલ ગુણ બાબતે અસંતોષ જણાય ત્યારે અહેવાલ હેઠળના અધિકારીની રજુઆત પરત્વે અહેવાલ લખનાર તેમજ સમીક્ષક અધિકારીના રિમાર્કસ મેળવ્યા પછી સંવર્ગ સંચાલકશ્રી દ્વારા લેવાયેલ નિર્ણય સામે પણ અહેવાલ હેઠળના અધિકારીને જો કોઈ અસંતોષ હોય તો સબંધિત વિભાગ મારફતે રેફરલ બોર્ડ સમક્ષ નિયત સમય મર્યાદામાં અપીલ અરજી કરવાની જોગવાઈ હાલ અમલમાં છે.

સંદર્ભ (૧) માં વંચાણે લીધેલ ઠરાવથી રેફરલ બોર્ડની કામગીરી ગુણાંકન પૂરતી મર્યાદિત રાખવામાં આવી હતી. અલબત્ત વાર્ષિક કામંગીરી મૂલ્યાંકન અહેવાલમાં અન્ય બાબતો દર્શાવવામાં આવેલ હોય તો, તે સંદર્ભમાં રેફરલ બોર્ડ કાર્યવાહી કરી શકે તે માટેની સૂચના પ્રસિદ્ધ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે ઠરાવવામાં આવે છે કે, અહેવાલ હેઠળના અધિકારી દ્વારા કરવામાં આવેલ રજૂઆત(Representation) પરત્વે અહેવાલ લખનાર અધિકારી (Reporting Officer), સમીક્ષક અધિકારી (Reviewing Officer), સંવર્ગ સંચાલકશ્રી (Cadre Controlling Authority) દ્વારા રજૂ કરાયેલ ટીપ્પણી (Comments) વિચારણામાં લીધા પછી

એકંદર મૂલ્યાંકન સહિત અહેવાલ સુધારી શકશે અથવા યથાવત રાખી શકશે. રેફરલ બોર્ડનો નિર્ણય ફક્ત હકીકતલક્ષી તથ્યો (error of facts) પૂરતો મર્યાદિત રહેશે. રેફરલ બોર્ડે આવા સુધારા સંદર્ભે તર્કસંગત કારણો રજૂ કરવાના રહેશે. રેફરલ બોર્ડનો નિર્ણય આખરી રહેશે.

આ સૂચનાઓ પ્રસિદ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.એચ.મનસુરી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
માન. મંત્રીશ્રી/ રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી , ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ .
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫.
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડા, ખાતાના નિયંત્રણ હેઠળની કચેરીઓને ઉકત સૂચના મોકલવા વિનંતી સહ )
નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ.
<u>સિલેકટ ફાઇલ</u>.